


- રામનારાયણ પાઠકના મત મુજબ  છંદ એટલે અક્ષરના ઉચ્ચારણમાંથી જન્મતો માપથી સિદ્ધ સુમેળવાળી વાણીનો આકાર.
- છંદ  એટલે કાવ્યમાં મધુરતા લાવવા માટે નિયમો અનુસાર કરેલી મેળવાળી રચનાને છંદ કહે છે.
- છંદના બે પ્રકાર છે. ૧. અક્ષરમેળ છંદ અને ૨. માત્રામેળ છંદ
- લઘુ અક્ષર એટલે જે વર્ણમાં હ્રસ્વ સ્વર હોય તેને લઘુ અક્ષર કહે છે. (લઘુની નિશાની U )
- ગુરૂ અક્ષર એટલે  જે વર્ણમાં રહેલા સ્વર દીર્ઘ હોઈ તેને ગુરૂ અક્ષર કહે છે.( ગુરૂની નિશાની –)
- ગણ એટલે ત્રણ અક્ષરના સમુહને ગણ કહે છે.
- ગણસૂત્ર એટલે છંદના બંધારણ મેળવવા માટે લઘુ- ગુરૂની નિશાનીવાળા સૂત્રને ગણસૂત્ર કહે છે.
- ગણ રચના : લઘુ- ગુરૂ અક્ષરોના બનેલા જૂથને ગણ કહે છે. આવા આઠ ગણ છે.
- ગણસૂત્ર :- યમાતારાજભાનસલગા

| ક્રમ | ગણ | લઘુ-ગુરૂ બંધારણ | ચિન્હ | અક્ષર લઘુ ગુરૂ |
|---|---|---|---|---|
| ૧ | ય | યમાતા | U-- | લઘુ- ગુરૂ –ગુરૂ |
| ૨ | મા | માતારા | --- | ગુરૂ - ગુરૂ –ગુરૂ |
| ૩ | તા | તારાજ | --U | ગુરૂ – ગુરૂ - લઘુ |
| ૪ | રા | રાજભા | -U- | ગુરૂ – લઘુ - ગુરૂ |
| ૫ | જ | જભાન | U-U | લઘુ- ગુરૂ – લઘુ |
| ૬ | ભા | ભાનસ | -U U | ગુરૂ - ગુરૂ – લઘુ |
| ૭ | ન | નસલ | U U U | લઘુ - લઘુ  –લઘુ |
| ૮ | સ | સલગા | U U- | લઘુ - લઘુ  –ગુરૂ |
| ૯ | લ | લઘુ | U | લઘુ |
| ૧૦ | ગા | ગુરૂ | - | ગુરૂ |

અક્ષરમેળ છંદ :- મનહર, અનુષ્ટુપ , શિખરિણી, મંદાક્રાન્તા ,પૃથ્વી,શાર્દૂલવિક્રીડિત છંદ, સ્ત્રગ્ધરા છંદ
માત્રામેળ છંદ :- ચોપાઈ, દોહરો, હરિગીત અને સવૈયા

## અક્ષરમેળ છંદ

### ➤ મનહર છંદ :-

- કુલ બે પંક્તિમાં હોય છે. કુલ ૩૧ અક્ષરો હોય છે.
- પ્રથમ પંક્તિમાં ૧૬ અક્ષર અને બીજી પંક્તિમાં ૧૫ અક્ષર હોય છે.
- યતિ ૮મા અને ૧૬માંઅક્ષરે હોય અને છેલ્લો અક્ષરગુરૂ આવે છે.
- ગણસૂત્ર બંધારણ નથી.

ઉદાહરણો :-

- પોલું છે તે વાગ્યું એમાં કરી તે શી કારીગરી,
  સાંબેલું વગાડે તો હું જાણું કે તું શાણો છે.
- સાંભળી શિયાળ બોલ્યું, દાખે દલપતરાય
  અન્યનું તો એક વાંકુ, આપના અઢાર છે.
- ચૌટામાં લુંટાણી મહારાણી ગુજરાતી વાણી,
  જાણી તેનું દુ:ખ ઘણો દીલગીર દિલ છું.
- છેલ્લો બાંક છેલ્લો રાંક છોકરો જવાબ દે છે-
  સાબ ! સાબ ! પ્રશ્ન એક રોટલોનો મોટો છે.
- ઊંટ કહે આ સભામાં વાંકાં અંગવાળા ભૂંડાં,
  ભૂતળમાં પશુઓ ને પક્ષીઓ અપાર છે.
- નાગરવેલની જેવી નાજુકડી નાર વાંકી,
  વાંકો એનો અંબોડો ને વાંકા એના વેણ છે.
- એક ભોળો ભાભો મોટા ખતેરમાં માળે ચડી,
  હરણાં હાંકે અને પક્ષીઓને ઉડાડે છે.
- અરે આ ભરતખંડ ભૂમિએ એવા ભૂપળ,
  શૂરવીર ધીર ગુણવાળા ક્યાં ગુમાવિયા.
- કહે ડોશી બાળપણું ખબર વિના મેં ખોયું,
  જુવાનીમાં દિવાની તારા જેવી ગતિ રહી.
- કેડીથી નમેલી ડોશી દેખીને જુવાન નર,
  કહે શું વાંધો છો કાશી ચીજ અછતી રહી ?

gnanakendar.com

- આંધળી ડાળે ને આતો ચાર શ્વાન છાતી જાય,
  એ તે આતો કયારે એને આવશે આ હારમાં ?

## ➤ શિખરિણી છંદ :-

- કુલ અક્ષર ૧૭ હોય છે , યતિ ૬ કે ૧૨ મા અક્ષરે આવે છે.
- ૯ લઘુ અક્ષર અને ૮ ગુરૂ અક્ષર
- પ્રથમ અક્ષર લઘુ,ત્યારપછી પાંચ ગુરૂ આવે.
- બંધારણ :- યમનસભલગા (U--/---/U U U/U U-/-U U/U/ -)

<u>ઉદાહરણો :-</u>

- કદી મારી પાસે વનવન તણા હોત કુસુમો.
- ઊંડા અંધારેથી પ્રભુ! પરમ તેજે તું લઇ જા.
- અસત્યોમાહેથી પ્રભુ!પરમ સત્યે તું લઇ જા.
- હજી તારો હોલો મુજ કરણમહી રણઝણે.
- નદી દોડે, સોળે ભડભડ બળે ડુંગર વનો.
- મને એ ચક્ષુમાં પ્રભુ ! જગતતીર્થોત્તમ મળ્યું.
- વળાવી બા આવી, નિજ સકલ સંતાન ક્રમશઃ
- ઠરી મારી આંખો, કબીરવડ તું ને નીરખીને.
  ખરી પાપી બુદ્ધિ ,ખરી જ રૂડી જાત્રા થઈ મને.
- બપોરી વેળાનું હરિતવરણું ખેતર ચડ્યું.
- મને બોલાવે આ ગિરિવર તણા મૌન શિખરો.
- ભમ્યો તીર્થે તીર્થે ધરી ઉર મનીષા દરશની.
- હતા જ્યારે પાસે સકલ નભથી તેજ ઝરણું.
- તમે જો ના આવો તરસ ઉરની ખૂબ છલકે.
- સુગંધે એની હું ગત સામાની યાદ ખતવું.
- લડો પાપો સામે વિમલ દિલના ગુપ્ત બળથી
- હીરાની કણિકા સમાન ઝળકે, તારા ઝગારે ગ્રહો
- પિતા છે એકાકી જડ અકલને ચેતનતણો

gnanhandar.com

## ➤ પૃથ્વી છંદ :-

- કુલ અક્ષર ૧૭ હોય છે , યતિ ૮ મા કે ૯ માઅક્ષરે આવે છે.
- ૧૦ લઘુ અક્ષર અને ૭ ગુરૂ અક્ષર
- પ્રથમ અક્ષર ત્રણ લઘુ- ગુરૂ – લઘુ
- બંધારણ:- જસજસયલગા (U–U,U U–,U–U,U U–,U––,U,–)

ઉદાહરણો :-

- મને શિશુતણી ગમે સરળ સૃષ્ટિ સ્નેહ ભરી.
- ભમો ભરતખંડમાં સકલ ભોમ ખુંદી વાળી.
- ધમાલ ન કરો જરાય,નહિનેણ ભીના થશો.
- પ્રિયે તુ જ લટેધરું ધવલ સ્વચ્છ આ મોગરો.
- મળે અધિક જે તને મુજ થકી ઉપે થાપજે.
- પડ્યા જખમ સૌ સહ્યા, સહીશ હું હજુ એ બરુ.
- ઉરેય ભરતી ચડે, અદમ અશ્વ કૂદી રહે !

## ➤ મંદાક્રાન્તા છંદ :-

- કુલ અક્ષર ૧૭ હોય છે , યતિ ૪ અને ૧૦મા અક્ષરે આવે છે.
- ૭ લઘુ અક્ષર અને ૧૦ ગુરૂ અક્ષર હોય છે.
- બંધારણ :- મભનતતગાગા (–––,–U U,U U U,––U,––U,–,–)
- પ્રથમ ત્રણ અક્ષર ગુરૂ - ગુરૂ –ગુરૂ અને અંતિમ બે અક્ષર ગુરૂ હોય છે.

ઉદાહરણો :-

- રે પંખીડા ! સુખથી ચણજો, ગીતવા કાંઈ ગાજો.
- રે રે શ્રધ્ધા ગત ગઈ પછી કોઈ કાળે ન આવે.
- ધીમે ઊઠી શિથિલકરને નેત્રની પાસ રાખી.
- ઊભા છેલ્લી નજર ભરીને જોઈ લેવા જ ભૂમિ.
- બોખી શીશી ટિનનું ડબલું બાલદી કૂખકાણી.
- દીઠાં હેતે,સ્મૃતિપડ બધાંઊકલ્યાઆપ રૂડાં.
- પાપી તેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે.
- છે કો મારું અખિલ જગમાં ? બૂમ મે એક પાડી. .
- મેદાનમાં આરએમટી રમશે બાલ નાનાં મજાથી.
- બેસી ખાતે પિયરઘરમાં જિંદગી જોઈ સારી.

gnanbhandar.com

- તે પંખીની ઉપર પાથરો ફેંકતા ફેંકી દીધો.
- લાંબા ર્હે જ્યાં દિન, પ્રિય સખી ! રાત્રિએ દીર્ઘ તેવી
- હૈયે ચાંપી બહુ વખત જેનો કર્યો પાછ પ્રિતે,
  રે સંબંધો મરણ પછી એનાછૂટે કોઈ રીતે.

## ➤ અનુષ્ટુપ છંદ :-

- પ્રથમ પંક્તિમાં ૧૬ અક્ષર અને બીજી પંક્તિમાં ૧૬ અક્ષર એમ બે ચરણમાં હોય છે. કુલ અક્ષર ૩૨ હોય છે. ૩૨ અક્ષરો એક માત્ર છંદ છે.
- આ છંદમાં કુલ ચાર ચરણ આવે છે. દરેક ચરણમાં આઠ અક્ષર હોય છે.
- આ છંદમાં ગણસૂત્ર નથી.
- પહેલા અને ત્રીજા ચરણમાં પાંચમો અક્ષર લઘુ અને છઠ્ઠો અક્ષર ગુરૂ અને સાતમો અક્ષર ગુરૂ હોય છે. ( U--લઘુ- ગુરૂ –ગુરૂ)
- બીજા અને ચોથા ચરણમાં પાંચમો અક્ષર લઘુ અને છઠ્ઠો અક્ષર ગુરૂ અને સાતમો અક્ષર લઘુ હોય છે. ( U–Uલઘુ- ગુરૂ –લઘુ)

<u>ઉદાહરણો :-</u>

- સૌદર્ય વેડફી દેતાં, ના ના સુંદરતા મળે,
  સૌદર્ય પામતા પહેલાં, સૌદર્ય બનવું પડે.
- સત્યનું કાવ્ય છો આપું ! કાવ્યનું સત્ય છો તમે,
  ઝંખતી કાવ્યને સત્યે, સૃષ્ટિઆ આપને નમે.
- પતિએ પીઠ દીધીને, દધિતાદેખતી રહી,
  અંતે હાય ! કહી બાળા, મૂર્છીતા ભૂતલે પડી.
- રહેવા દે ! રહેવા દે ! આ સંહાર યુવાનતું,
  ઘટે ના કુરતા આવી, વિશ્વ સૌદર્ય કુમળું.
- રસહીન ધરા થૈ છે, દયાહીન થયો નૃપ,
  નહીં તો ના બને આવું, બોલી માતા ફરી રડી.
- તંબૂરે તાર તૂટ્યા છે, તૂટ્યો તંબૂર આજ છે,
  મૃત્યુના તીવ્ર સૂરોથી ઘેરથી આજ સાંજ છે.
- વિશાલે જગવિસ્તારે નથી એક જ માનવી,
  પશુ છે, પંખી છે, પુષ્પો, વાનોની છે વનસ્પતિ (ઉમાશંકર જોશી)
- નહીં નાથ ! નહીં નાથ! ન જાણો કે સવાર છે,

gnanbhandar.com

આ બધું ઘોર અંધારું હજી તો બહુ વાર છે. (કાન્ત)

- વ્યોમની કેડીએ સીધો, જતો'તો એક તારલો,
  ભલો ને ભોળુડો મોંઘો, વિશ્વનો ઉરહારલો. (સુંદરમ)

## ➤ શાર્દૂલવિક્રીડિત છંદ :-

- કુલ અક્ષર ૧૯ હોય છે , યતિ ૭ અને ૧૨મા અક્ષરે આવે છે.
- ૮ લઘુ અક્ષર અને ૧૧ ગુરૂ અક્ષર હોય છે.
- પ્રથમ ત્રણ અક્ષર લઘુ - લઘુ -લઘુ (---) અને છેલ્લો અક્ષર પણ લઘુ હોય છે.
- બંધારણ :- મસજસતતગા (---,U U-,U-U ,U U-,--U,--U,-)
- જોડાક્ષર પૂર્વેનો લઘુ અક્ષર ગુરૂ ગણાય.

<u>ઉદાહરણો :-</u>

- ના તારો અપરાધ, આમ ત્યજવા જેવો લગારે થયો.
- અંધારું થયું પાતળું નભ વિષે તારાદ્યુતિ નીતરી.
- ભૂલીની જ પરંપરા જગતઆ,એવું દીસે છે પિતા!
- આ સંસાર અસાર છે અહહહા ! એ શીખ આજે મળી.
- આંસુના પડદા વતી નયન તો મારાંથયા આંધળા.
- ને હું મહેલ વિષે વસું સુખ થાકી,એ યોગ્ય ભાસે નહી.

## ➤ સ્ત્રગ્ધરા છંદ :-

- કુલ અક્ષર ૨૧ હોય છે , યતિ ૭ – ૭ - ૭ મા અક્ષરે આવે છે.
- ૯ લઘુ અક્ષર અને ૧૨ ગુરૂ અક્ષર હોય છે.
- પ્રથમ ત્રણ અક્ષર લઘુ - લઘુ -લઘુ (---) અને છેલ્લો ત્રણ અક્ષરો ગુરૂ- લઘુ -લઘુ (U--)
- બંધારણ :- મરભનયયય (---,-U-,-U U ,U U U,U--,U--,U--)

<u>ઉદાહરણો :-</u>

- ઝંઝાવાતે ઘુમાવી એટલ વિતલ સૌ એક આકાશ કીધું.
- દેવોને માનવોના મધુમિલન તણાસ્થાન સંકેતજેવા.
- ધીમે ધીમે છટાથી કુસુમ રજ લઇ ડોલતો વાયુ વાયે.
- ખંખેરી મોહનીને તનમન થઇ તૈયાર હાવાં ગયાં જે.

gnanbhandar.com

## ➤ માલિની છંદ :-

- કુલ અક્ષર ૧૫ હોયછે, યતિ ૮મા અક્ષરે આવે છે.
- બંધારણ :- નનમયય (U U U,U U U,---,U--,U--)
- પ્રથમ અને બીજા ત્રણ ગુરૂ –ગુરૂ-ગુરૂ (U U U) અને ત્રણ અક્ષરો ગુરૂ- લઘુ -લઘુ (U--)

<u>ઉદાહરણો</u> :-

- સરળ હદય ઈચ્છે પાપીને પ્રેમ પાવા.

## ➤ વસંત તલિકા છંદ :-

- કુલ અક્ષર ૧૪ હોય છે, યતિ ૮મા અક્ષરે આવે છે.
- બંધારણ :- તભજજગાગા (--U,-U U,U-U ,U-U,-,-)
- છેલ્લા બે લઘુ આવે

<u>ઉદાહરણો</u> :-

- હા હા ગંગા વહુ બિચારી ખરું કહે છે.

## ➤ તોટક :-

- કુલ અક્ષર ૧૨ હોય છે
- બંધારણ :- સ,સ,સ,સ,

ઉદાહરણ – મુજ દેહ વિષે , વળી આત્મ વિષે
જડ ચેતનમાં પ્રભુ વાસ વસે

## ➤ ભુજંગી :-

- કુલ અક્ષર ૧૨ હોય છે.
- બંધારણ :- ય, ય, ય, ય

ઉદાહરણ :- ભલો દૂરથી દેખતાં દિલ ભાવ્યોં
પડી જેમ આકાશમાં મેઘ આવ્યો.

gnanbhandar.com

## ➤ વંશસ્થ –

- કુલ અક્ષર ૧૨ હોય છે.
- બંધારણ :- જ , ત, જ , ર

ઉદાહરણ :- હું માનવી માનવ થાઉં તો ઘણું

## ➤ ઇન્દ્રવજ્રા :-

- કુલ અક્ષર ૧૧ હોય છે.
- બંધારણ :- ત ત જ ગા ગા (--U,--U,U-,U-U,-,-)
- સ્વરૂપ :- ગા ગા લ, ગા ગા લ, લ ગા લ, ગા ગા

ઉદાહરણો :-

- દીઠો તને હંસની હાર માંહે
  દીઠો અષાઢી જલધાર માંહે
- મીંચય છો પાંપણ એક મારી, ખોલી જજો લાખ- કરોડ આંખો.

## ➤ ઉપેન્દ્રવજ્રા :-

- કુલ અક્ષર ૧૧ હોય છે.
- બંધારણ :- જ ત જ ગા ગા (U-U,--U,U-,U-U,-,-)
- સ્વરૂપ :- લ ગા લ, ગા ગા લ, લ ગા લ, ગા ગા

ઉદાહરણો :-

- નિર્દોષ ને નિર્મળ આંખ તારી, હતી હજી યૌવનથી અજાણ.
- દયા હતી ના, નહિ કોઈ શાસ્ત્ર, હતી તહી કેવળ માણસાઈ.

## ➤ શાલિની :-

- કુલ અક્ષર ૧૧ હોય છે.
- બંધારણ :- મ ત ત ગા ગા (U-U,--U,U-,U-U,-,-)
- યતિ :- ચોથા અક્ષરે
- સ્વરૂપ :- ગા ગા ગા, ગા ગા લ, ગા ગા લ, ગા ગા

ઉદાહરણો :-

- પુષ્પો વેરી પ્રેમના અશ્રુભીનાં ગાશે તારાં ગાન કૈ કીર્તિવિણા

gnanbhandar.com

# માત્રામેળ છંદ

## ➤ હરિગીત છંદ:-

- દરેક ચરણમાં માત્રા- ૨૮ , યતિ – ૧૪ અને ૧૬મી માત્રાએ છેલ્લો અક્ષર ગુરૂ હોય.

ઉદાહરણો :-

- ચળકાટ તારો એજ પણ તુંજ ખૂનની તલવાર છે.
- જે પોષતું તે મારતું શું એ નથી ક્રમ કુદરતી
- તુંજ સ્પર્શથી મુજ ચક્ષુને કંઈ સ્વપ્ન સમું જે લાધિયું.
  જીવનસખી ! તે તુજ વિના રે ! જાય કોને અર્પિયું ?
- તું  નાનકડી બાળા હશે, કોડે ભરી કૌમાર્યના.
- જ્યાં જ્યાં નજર મારી ઠરે ,યાદી ભરી ત્યાં આપની.
- સુખ સમયમાં છકી નવ જવું, દુઃખમાં ના હિંમત હારવી.
  સુખદુખ સદા ટકતા નથી, એ નીતિ ઉર ઉતારવી.
- ખાતો દયા ના દેહની કરજે કથન તુંજ કાળજું.
- ભૂલો ભલે બીજું બધું મા બાપને ભૂલશો નહિ.
- ગુજારે જે શિરે તારે  જગતનો નાથ તું સ્હેજે
- નરદેવ ભીમકની સુતા દમયંતી નામે સુંદરી

## ➤ ચોપાઈ છંદ :-

- કુલ ચાર ચરણ, દરેક ચરણમાં ૧૫-૧૫  માત્રાએ યતિ આવે છે.
- છેલ્લા બે અક્ષર લઘુ ગુરૂ હોય.

ઉદાહરણો :-

- જોજો રે મોટાના બોલ, ઉજ્જડ ખેડે બાજ્યું ઢોલ.
- આકાશે તારાની ભાત, સર્જી તો ક્યાં સર્જી વાત.
- કાળી ધોળી રાતી ગાય,પીએ પાણી ચરવા જાય.
- લાંબા જોડે ટૂંકો જાય, મારે નહી તો માંદો થાય.
- ભાષાને શું વળગે ભૂર, જે રણમાં જીતે તે શૂર.
- કલ્પવૃક્ષ જો કેરી ખાય,તેનો ચોર પેદા ન થાય.
- મા મારે પય પીતાં બાળ, સત્યવાદી જો બોલે આળ.
- જંગલ માથે ઉગ્યો ચાંદ, નભ તરુનું રૂપાળું પાંદ.

gujaratibhandar.com

- વાળ થઈને ચીભડાંગળે, સોંઘી વસ્તુ ક્યાંથી મળે ?
- મળી આપણ જણ બંને બેન, સંપી રમીએ તો સુખચેન.
- ત્રણે જણા સૂતા તે હાર, પહેલે પહોરે જાગે સુતાર.
- શિયાળે શીતળ વા વાય, પાન ખરે ઘઉં પેદા થાય.
- સાપને ઘેર પરોણો સાપ, મુખ છાતી ઘર વળિયો આપ.

## ➤ દોહરો છંદ :-

- કુલ ચાર ચરણ, પહેલા અને ત્રીજા ચરણમાં ૧૩ માત્રા અને બીજા અને ચોથા ચરણમાં ૧૪ માત્રા હોય છે.

<u>ઉદાહરણો :</u>-

- દીપકના બે દીકરા , કાજલને અજવાશ,
  એક કપૂત કાળું કરે, બીજો દિશે પ્રકાશ.
- કરતાં જાળ કરોળિયો, ભોય પડી ગભરાય,
  વણ તૂટેલ તાંતણે,  ઉપર ચઢવા જાય.
- ઓ ઈશ્વર ભજીયે તને, મોટું છે તુંજ નામ,
  ગુણ તારા નિત ગાઈએ, થાય અમારા કામ.
- જેનું કારજ જે કરે, બીજો કરે બગાડ,
  તાળું ઉઘાડી નવ શકે, કક્કા કરે કૂહાડ.
- શેરી મિત્રો સો મળે, તાળી મિત્ર અનેક,
  જેમાં સુખ દુઃખ વામિએ, સો લાખમાં એક.
- કાજળ તજે ન શ્યામતા,હીરો તજે ન શ્વેત,
  દુર્જન તજે ન વકતા, સજ્જન તજે ન હેત.
- ભણતાં પંડિત નીપજે, લખતાં લહિયો થાય,
  ચાર-ચાર ગઉ ચાલતાં,લાંબો પંથ કપાય.
- બળની વાતો બહુ કરે,કરે બુદ્ધિના ખેલ,
  આપદ કાળે જાણીએ , તલમાં કેટલું તેલ.
- ચિંતાથી ચતુરાઈ ઘટે, ઘટે રૂપ ગુણ જ્ઞાન,
  ચિંતા બડી અભાગણી, ચિંતા ચિતા સમાન.
- આવ નહીં,આદર નહીં, નહીં નયનમાં નેહ,
  તે ઘર કદી ન જાઈએ,કંચન વરસે મેહ

gnanbhandar.com

- વા ફરે, વાદળ ફરે, ફરે નદીના પૂર,
  શૂરા બોલ્યા ન ફરે, પશ્ચિમ ઊગે સૂર
- ઊંચી નીચી ફર્યા કરે, જીવનની ઘટમાળા,
  ભરતાઈ તેની ઓટ છે ઓટ પછી જુવાળ.

## સવૈયા છંદ :-

- એકવીસ કે બત્રીસ માત્રા આવે,યતિ ૧૬ મી કે ૧૭મી માત્રાએ
- કુલ ચાર ચરણમાં ૨૮ માત્રા
- છેલ્લા અક્ષરો અનુક્રમે ગુરૂ લઘુ કે બે ગુરૂ

ઉદાહરણો :-

- અંતરની એરણ પર કોની પડે હથોડી ચેતનરૂપ ?
  કાળતણી ધરતીમાં ખોદી કોણ રહ્યું જીવનના કૂપ ? ( સુંદરમ)
- અલક મલક આ તરતો તડકો ચોતરફથી આયો જી.
- કાર્ય સાધવું નહિ તો મરવું, શૂરવીરની એ છે રીત.
- કાલ તણી ધરતીમાં ખોદી રહ્યું જીવનના કૂપ ?
- રણબંકા નહી કદીયે નાશે નહી દેખાડે રિપુને પીઠ.
- અવિનાશીને અન્નકોટના આવે નિત અમૃત ઓડકાર
- ઝેર ગયાં ને વેર ગયાં, વળી કાળા કેર ગયા કરનાર,
  એ ઉપકાર ગણી ઈશ્વરનો હરખ હવે તું હિંદુસ્તાન – દલપતરામ

## ઝૂલણાછંદ :-

- કુલ ચાર ચરણ , ૧૦,૨૦ અને ૩૦ માત્રાએ યતિ આવે.
- પ્રત્યેક ચરણમાં ૩૭ માત્રા આવે.

ઉદાહરણો :-

- તુંજ વિના ઘેનમાં કોણ જાશે ?
- જાગને જાદવા કૃષ્ણ ગોવાળીયા
- નિરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો

gnanbhandar.com